## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




કૌન બનેગા કરોડપતિ નથી આવતું... કૌન રહેગા કરોડપતિ ચાલુ થયું છે...!!

# શહેરમાં વરસાદી સમસ્યાઓનો અજગરી ભરડો : રોગચાળાની દહેશત

## સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઇટોના લીધે અંધારપટ્ટ : ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો : ગંદકી અને કાદવ કીચડથી રહીશો તોબા

ગાંધીનગર તા ૩૦

શહેરમાં વરસાદી સમસ્યાએ અજગરી ભરડો લીધો છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા અને કાદવ કીચ્ચડની સ્થિતિ વચ્ચે સાંજ ઢળતા જ ઘનઘોર અંધારુ છવાઇ જાય છે. સેકટરોની સ્ટ્રીટ લાઇટો સદતંર ડુલ છે. વરસાદી પાણીના ભરાવાના લીધે મચ્છરો તેમજ જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે. શહેરમાં અત્યારસુધી સિઝનનો માંડ અઢી ઇંચ જેટલો જ વરસાદ પડયો છે. ત્યારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓથી રહીશો પ્રભાવિત થયા છે.

શહેરમાં વરસાદના પ્રારંભથી જ નતનવી સમસ્યાઓ ઉદભવી છે. શહેરમાં અત્યારસુધી સિઝનનો અઢી ઇંચ વરસાદ પડયો છે. પરંતુ સેકટરવાસીઓ વરસાદી સમસ્યાઓથી ત્રસ્ત બની ગયા છે. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા સાથે ઠેર ઠેર કાદવ કિચ્ચડના દ્રશ્યો જોવા મળી રહયા છે. જયારે વરસાદી પાણીના ભરાવાની સાથે ગંદકી સર્જાતા મચ્છરો અને જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત છે. નગરમાં સાંજ ઢળતા જ સેકટરોના રહેણાંક વિસ્તારમાં અંધારપટ્ટ છવાઇ જાય છે. એલ ઇ ડી લાઇટનુ અજવાળુ અદ્રશ્ય થઇ જતા સેકટરોમાં અંધારુ છવાતા સ્થાનિક રહીશોમાં ભયની લાગણી વ્યાપી છે. વરસાદી માહોલમાં લાઇટો પણ ડુલ રહેતા રહીશોને તસ્કરોનો ભય સતાવે છે. વરસાદી વાયરા વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર પાણીનો ભરાવો જોવા મળી રહયો છે. શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઇનની વ્યવસ્થા ન હોવાના લીધે વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થતો નથી. જેના લીધે સેકટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણીનો ભરાવો થાય છે. પાણી ઓસરાયા બાદ પણ કાદવ કિચ્ચડના લીધે અસહ્ય ગંદકી જોવા મળે છે. સે-૩ - ૪ ની ચોકડી પાસે પણ ગટર લાઇનનુ કામ પુર્ણ કરાયા બાદ માટીના ઢગ ખડકાયેલા યથાવત રહેતા વરસાદની મોસમમાં માટીના પોલાણ વચ્ચે કિચ્ચડ જામ્યો છે. સેકટરોમાં સફાઇ વ્યવસ્થાના અભાવે કચરાના ઢગ ખડકાયા છે. ગંદકી અને વરસાદી પાણીના ભરવા વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. ત્યારે શહેરમાં ઉગતી વરસાદી ઋતુ વચ્ચે રોગચાળો ગમે ત્યારે માથુ ઉંચકે તેવી દહેશત છે.



**જીએસટીના વિરોધમાં કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન**

ભારત સરકાર દ્વારા અમલમાં આવનાર જીએસટીના કાળા કાયદાનો વિરોધ પ્રદર્શન આજે સેક્ટર-૨૧, શાકમાર્કેટ પાસે મીણબત્તી સળગાવી તેમજ થાળી વગાડવાનો આશ્ચર્યજનક કાર્યક્રમ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાની હેઠળ યોજવામાં આવ્યો છે. આ બાબતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખે વધુમાં જણાવ્યું છે કે તઘલખી નિર્ણયો કરવામાં પાવરધી કેન્દ્રની મોદી સરકારે નોટબંધી પછી જીએસટીનો કોઈપણ જાતની પૂર્વ તૈયારી વગર દેશના નાગરિકો, વેપારીઓ, અધિકારીઓ વિગેરેને દ્વિધામાં નાખનારા કાળા કાયદાના ખરડાની સંસદના સેન્ટ્રલ હોલમાં જાણે કે આઝાદીનો જશ્ન મનાવાનો હોય તે રીતે કાળી અડધી રાત્રે માર્કેટીંગ મિટીંગમાં જાહેરાત કરનાર છે. જેનો કોંગ્રેસ પાર્ટી વિરોધ કરે છે.

# ૮૦ થી વધુ બી.એલ.ઓ.ની ઘટ વચ્ચે આજથી મતદારયાદી સુધારણા ઝૂંબેશ આરંભાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૮૦થી વધુ બુથ લેવલ ઓફિસરોની ઘટ તેમજ ગાંધીનગર (દ)ના ચૂંટણી અધિકારીની ખાલી જગ્યા વચ્ચે આજથી મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ થઈ રહી છે.

જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૭૭ જેટલા બુથ વધવા પામ્યા છે. આ સામે જિલ્લામાં ૧૨૩૦ જેટલા બી.એલ.ઓ.ની નિયુક્તી કરવામાં આવી છે. બાકીની જગ્યાઓ ખાલી છે. જે હવે પછી ભરવામાં આવશે.

ગાંધીનગર (દ) બેઠકના ચૂંટણી અધિકારી જે નાયબ જિલ્લા વિકાસ અધિકારી છે તે ચૌહાણની પણ બદલી થતાં તેમની જગ્યાનો ચાર્જ હવે કોને સોંપાય છે તેના પર સૌની નજર છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા ઝુંબેશને આજે આખરી ઓપ આપી દેવાયો છે. જિલ્લામાં ૧૧ લાખ ૫૧ હજારથી વધુ મતદારો નોંધાયેલા છે અને આ ઝુંબેશ દરમ્યાન વધુ ૩૦ હજાર જેટલા નવા મતદારો નોંધાશે તેવો અંદાજ તંત્રના અધિકારીઓને છે.

જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો છે. વયમર્યાદાને લઈ નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યા પણ વધતી જાય છે ત્યારે નવી નિમણુંકો એ તંત્ર માટે પડકાર છે. તંત્ર દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત બે ખાસ ગ્રામસભાઓ યોજવામાં આવનાર છે તેમજ ત્રણ રવિવાર દરમ્યાન દરેક મતદાન મથક પર ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લામાં પંચે મતદારયાદી સુધારણા ઝુંબેશ માટે ટી. નટરાજનની નિરીક્ષક તરીકે નિયુક્તી કરી છે અને તેઓ એકાદ સપ્તાહમાં તંત્રના અધિકારીઓ સાથે બેઠક કરશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં મતદાર યાદી સુધારણા ઝુંબેશને સઘન રૂપ આપવા માટે તંત્રએ તેની કવાયત પુરી કરી દીધી છે. ૨૪ થી વધુ શૈક્ષણિક સંકુલોમાં બ્રાન્ડ એમ્બેસેડરની પણ નિયુક્તી કરી દીધી છે.

# કલેક્ટર કચેરીમાં કારકુન અને નાયબ મામલતદારોની આંતરિક બદલી કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા આજે વહીવટીતંત્રમાં બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો છે. કારકુન સંવર્ગ તેમજ નાયબ મામલતદાર સંવર્ગની આંતરિક બદલીઓ સાંજે કરવામાં આવી છે.

જમીન-૧ના ના. મામલતદાર રાઓલને બદલી દબાણમાં, બી.પી. પટેલને માણસાથી બદલી જમીન-૧ પર, જી.એસ. પ્રજાપતિ સર્કલ ઓફિસરમાંથી બદલી જ.ફા. ચુ.ક.ની ખાલી જગ્યા પર જૈમિન પટેલને વહીવટ-૧ પરથી બદલી મામલતદાર કચેરી માણસા, એમ.યુ. રાજપુતને ઈ.ધરા માણસાથી બદલી નાયબ ચીટનીસ કલેક્ટર કચેરી, આર.આર. વ્યાસને સર્કલ ઓફિસરમાંથી બદલી વહીવટ-૧ પર સત્તાણી ના.મા. મતદાર નોંધણીની બદલી કરી સર્કલ ઓફિસર (મનપા), શિહોરા સર્કલ ઓફિસરને બદલી મતદારયાદી અધિકારી તરીકે સ્ટેમ્પ ડ્યુટીમાં, શ્રીમતિ આર.એ. મકવાણાને કલોલથી બદલી માણસા ઈ. ધરામાં તથા પી.જે. પરમારને કલોલથી બદલી માણસા મુકવામાં આવેલ છે. આ ઉપરાંત બી.વી. ચાવડા, શ્રીમતિ કે.કે. ગુર્જર, હેતલબા ચાવડા, એસ. એચ. પટેલ અને આર.એસ. બિહોલાની પણ બદલી કરવામાં આવી છે.

કારકુન સંવર્ગમાં પણ અલ્પા રોહડીયા, જે.એમ. બારૈયા, વિશાલ રાવલ, પંકજ પરમાર, સર્વાંગ દવે, એચ.જે. વાઘેલા, ગોવિંદ દેસાઈ અને ડી.જી. ચૌહાણની બદલીના હુકમો પણ કરવામાં આવ્યા છે.



ગાંધીનગર તાલુકાની તમામ ૭૪ ગ્રામ પંચાયતોમાં કેન્દ્ર સરકારની જીપીડીપી ઠરાવ અન્વયે એસ.આઈ.આર.ડી. દ્વારા તમામ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. એક તબક્કામાં ૫ ગ્રામ પંચાયતોને તાલીમ માટે સામેલ કરાઈ રહી છે. જે અનુસાર ૧૩મા તબક્કામાં કોબા, રાયસણ, સુઘડ-નભોઈ, રાંદેસણ, અમિયાપુર, લવારપુર ગ્રામ પંચાયતોનો સમાવેશ કરાયો છે. આ તાલીમ કાર્યક્રમમાં તમામ ગામ પંચાયતના સરપંચો, ઉપસરપંચો, તલાટી-કમ-મંત્રી તથા આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તાલીમનું આયોજન તાલુકા વિકાસ અધિકારી દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં એસઆઈઆરડીના નિષ્ણાત ટ્રેઈનર દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.

## વાસુદેવ આશ્રમશાળા ખાતે વી.કેર ફાઉન્ડેશન દ્વારા સેવાકાર્ય



કલોલ સ્થિત સોસિયલ વેલ્ફેર સોસાયટી ગાંધીનગર સંચાલિત વાસુદેવ આશ્રમશાળા ખાતે વી.કેર ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અનોખા સેવાકાર્ય નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓને અભ્યાસલક્ષી ચોપડા વિતરણ અને યોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ જે.સી. પટેલે બાળકોને હળવાશભરી વાતો સાથે યોગ કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના ભરતભાઈ, રાજુભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# પાટનગર માટે જમીન આપનાર ખેડુતોના પ્રાણ પ્રશ્નો યથાવત

## ટુંક સમયમાં પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવે તો ખેડુતો આંદોલન કરશે

ગાંધીનગર, તા.૩૦

રાજયના પાટનગરના નિર્માણમાં ૧૪ ગામના ખેડુતોએ પોતાની મહામુલી જમીન આપી છે. ત્યારે પોતાની કિંમતી જમીન આપનાર અસરગ્રસ્ત ખેડુતોના સરકારમાં છેલ્લા ઘણા વષોથી પડતર પ્રશ્નો છે પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી નિકાલ લાવવામાં આવ્યો નથી.જેને પગલે ખેડુતોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે ટુંક સમયમાં પડતર પ્રશ્નો અંગે નિવેડો નહીં આવે તો રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળના નેજા હેઠળ ૧૪ ગામના ખેડુતો જન આંદોલન કરશે.

પાટનગરના નિર્માણ માટે વાવોલ, કોલવડા, પાલજ, પ્રાંતિયા,બાસણ, આદિવાડા, ફતેપુરા, બોરીજ, આદિવાડા, ઈન્દ્રોડા, સહિતના ગામોના ખેડુતોની કિંમતી જમીન સંપાદન કરવામાં આવી હતી. અત્યારે હાલના સમેય જમીન ગુમાવનાર ખેડુત બેકાર અને આર્થિક સંકળામણમાં જીવન નિર્વાહ કરી રહ્યો છે.

સરકાર દ્વારા જેતે સમયે નિયત કરેલ વળતર ખેડુતોને આપવામાં આવ્યું હતું. જેમાં કેટલાક ખેડુતોનું વળતરના લાભથી વંચિત રહેવા પામ્યા છે. તંત્ર તરફથી ખેડુતોને રહેણાંક પ્લોટ, નોકરી, દુકાન આપવામાં આવી હતી.પરંતુ સંયુકત ખેડુતોની ખાતાવહીમાં એક જ ખેડુતને અસરગ્રસ્ત ગણીને લાભ આપવામાં આવેલ છે. ત્યારે વર્ષોથી ખેડુતોના પડતર પ્રશ્નોમાં સંયુકત ખાતેદારને અલગ ઘણીને દરેકને અસરગ્રસ્ત ખેડુત ગણી મળવાપાત્ર લાભ આપવા, દુકાનનો માલિકી હક આપવો,અસરગ્રસ્ત ખેડુતોના બાળકો માટે શિક્ષણ સંકુલ બનાવવું,બાકી રહેલા નાણા ખેડુતોને વ્યાજ સાથે ચુકવવા સહિતના પ્રશ્નો અંગે રાજધાની અસરગ્રસ્ત કિસાન વિકાસ મંડળની બેઠક મળી હતી જેમાં ખેડુતોના વર્ષોથી પડતર પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા થઈ હતી. તંત્ર દ્વારા ટુંક સમયમાં નિવેડો નહીં લાવવામાં આવે તો રાજયના તમામ ખેડુતોના ખાતર, પાણી, વિજળી સહિતના પ્રશ્નો એકત્રિત કરીને જન આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી ખેડુતોએ ઉચ્ચારી છે.

# આજે ૨૦૦થી વધુ કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા

## વહીવટીતંત્ર પર વિપરીત અસરોની સંભાવના

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે વયમર્યાદાને લઈ ૨૫૦થી વધુ કર્મચારીઓ જુદી જુદી કચેરીઓમાં નિવૃત્ત થયા છે. આ વર્ષે નિવૃત્તી લેનાર કર્મચારીઓની સંખ્યા વધુ છે.

જિલ્લા પંચાયતમાંથી ૯ જેટલા કર્મયોગીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે જેમાં ૩ સીનીયર ક્લાર્ક સંવર્ગના તો ૩ કર્મચારી ડ્રાયવર સંવર્ગના છે.

ગાંધીનગરના સૌથી મોટા વહીવટીય સંકુલ સચિવાલય સંકુલમાં પણ ૧૦૦ જેટલા કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થયા છે તો જીવરાજ મહેતા ભવનમાં પણ જ્યાં કમિશ્નરેટ અને અન્ય વિભાગોની કચેરીઓ આવેલી છે તેમાં પણ ૧૦૦ જેટલા કર્મચારીઓ વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

દરમ્યાન રાજ્ય સરકારે આજે એડીશનલ કલેક્ટર સંવર્ગના અધિકારીઓને વધારાના ચાર્જ સોંપતા હુકમો સાથે બે સીધી ભરતીના સનદી અધિકારીઓની પણ બદલી આસિ. કલેક્ટર તરીકે કરવાના હુકમો કર્યા છે.

રાજ્ય સરકારે ૬૫ હજારથી વધુ કર્મચારીઓની ભરતી માટેની વ્યુહરચના ઘડી કાઢી છે. તેમાંથી ૫૦ ટકા જેટલી ભરતી થઈ ચુકી છે પણ તાલિમ સહિતની પ્રક્રિયાને કારણે વહીવટીય કામગીરી પર બે માસ સુધી અસરો થયેલી જોવા મળશે તેમ કર્મચારીઓની ચર્ચામાંથી જાણવા મળેલ છે.

# લોકસાહિત્યકાર દોલત ભટ્ટ તથા મર્મજ્ઞ વિવેચક ડૉ. બળવંત જાનીની મેઘાણી એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના વરિષ્ઠ લોક સાહિત્યકાર દોલત ભટ્ટ તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ અને અખિલ ભારતીય સાહિત્ય પરિષદના પ્રમુખ મર્મજ્ઞ સાહિત્યકાર-સંશોધક ડૉ. બળવંત જાનીની ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વર્ણિમ સ્થાપના વર્ષ નિમિત્તે મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર દ્વારા ઝવેરચંદ મેઘાણી એવોર્ડનું આયોજન કરવામાં આવી રહ્યું છે.



દોલત ભટ્ટ ગાંધીનગરના સૌથી વરિષ્ઠ સાહિત્યકારોમાં મોભાનું સ્થાન ધરાવે છે અને લોક સાહિત્યમાં તેમનું અનન્ય યોગદાન રહ્યું છે. અખબારી કોલમ થકી તેમણે વર્ષોથી વાંચકોને લોક સાહિત્યનો આસ્વાદ કરાવવા સાથે સામાન્ય જનને ભાતીગળ સંસ્કૃતિ સાથે જોડવાનુ કામ કર્યું છે. ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે તેમની પસંદગી થતા ગાંધીનગરના સાહિત્ય રસિકોમાં આનંદનું મોજુ પ્રવર્તવા પામ્યું છે. બીજી તરફ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ તથા અખિલ ભારતીય સાહિત્ય પરિષદના પ્રમુખ ડૉ.

● અનુસંધાન પાના - ૭ પર

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫
'ગ' રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૩૦૭

**જાહેર નિવિદા નં. એબી/ટીસી/૦૫/૨૦૧૭**

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગરની હયાત કચેરી સંકુલના એ.સી. સીસ્ટમના વાયરીંગ કામ, અંદાજી રકમ રૂ. ૪,૯૮,૪૮૪.૦૦ માટે, યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેથી, કાર્યપાલક ઈજનેરશ્રી (યાંત્રિક) ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા ભાવો માગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૧૦/૭/૨૦૧૭ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ : ૧૮/૭/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. શક્ય હશે, તો મલેલા ભાવપત્રકો તારીખ : ૧૯/૭/૨૦૧૭ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર અંગેની વધુ વિગતો અને માહિતી, શરતોને આધિન ઉપરોક્ત કચેરી પરથી, ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિત રહેશે.

માહિતી/૮૯૬/૧૭-૧૮

**જાહેર નિવિદા**

**ઝેરોક્ષ સેવા પુરી પાડવા અંગે**

પંચાયત વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતેની વિકાસ કમિશનરશ્રીની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે 'ઝેરોક્ષ કામગીરી કરવાની સેવા' પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવપત્રકના ટેન્ડર ફોર્મ બંધ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦થી ૧૩.૦૦ કલાક વચ્ચે તા. ૫/૭/૨૦૧૭થી ૧૨/૭/૨૦૧૭ સુધીમાં વિકાસ કમિશનરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી અરજી સાથે વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (પરત નહી ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વિગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

ભાવપત્રકના ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૧/૭/૨૦૧૭ સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૩૦/૬/૨૦૧૭

સહી/-
નાયબ વિકાસ કમિશનર
વિકાસ કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૮૯૩/૧૭-૧૮

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય